જગત પાછળનું જગત

આનન્દ

જગત પાછળનું જગત

નિરીક્ષક

આનન્દ

પ્રથમ આવૃત્તિના પ્રકાશક: યજ્ઞેશ હ. શુક્લ,
'ગુણસુન્દરી' ના ઉપતંત્રી, કાકડવાડી,
મુંબઈ

ઈ. સ. ૧૯૨૯
આવૃત્તિ ૧ લી
પ્રત ૧૧૫૦
કીમત બાર આના

મુદ્રણસ્થાન: આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ
મુદ્રક: ગજાનન વિશ્વનાથ પાઠક



પૂ. બાને પુનિત ચરણે—
મ્હારી પ્રથમ પાંખડીઓ:

આનન્દ.

પ્રસ્તાવના

ઘડિયાળના કાંટા ફરે છે, પણ એમને ચલાવનાર અન્તર્યામી કમાન છે. જગતની ઘડિયાળના અસંખ્યાત કાંટાઓની સંચાલક કમાનો કઇ કઇ?

માનવીજીવનનાં સંચાલક આદર્શો છે, પ્રલોભનો છે, સંસારનાં સદસદ્ આકર્ષણો છે. જીવનસંચાલક એ પ્રાણપ્રેરણાઓને કંઇકે ઓળખવા–ઓળખાવવાનો આ પ્રયાસ છે. સંસારના ઉગતા કોડની, જીવનના પહેલા જય ને પરાજયની આ તો, વાર્તાઓ નહિ, વ્યંજનાઓ છે; સળંગ કથનીઓ નહિ, ધ્વનિલેખાઓ છે. લેખકનું જગતનું આ પ્રથમ દર્શન છે. ગહન જલમાં જોતાં જે અનુભવાય છે એ અત્યારે તે અનુભવે છે. લેખકનાં દર્શન અધુરાં હશે; પણ જગતના પડદાઓ પાછળ

નિરખનારાં કેટકેટલાંઓએ પ્રથમ દર્શને સંપૂર્ણ દર્શન કીધાં છે ? જગત પાછળનું જગત જોવાનો લેખકનો આ પ્રયાસ ગહનતામાં ડૂબકી મારવાના જેવો છે : થોડાંક મોતી યે મુઠ્ઠીમાં આવ્યે એ સન્તોખાય. પોપચું પહેલવહેલું ઉઘડે ને જે કુતૂહલના ભાવ થાય એ આમાં લેખકના ભાવ છે.

પંખીનાં આ પહેલાં ઉડણ છે. વનવિટપોનાં પત્રપુષ્પોમાં રમી રહે સંસારની પહેલી છોળોમાં પગ ભીંજવનારના આ કલબોલ છે. સંસારના આભ પાછળના ગેબી નાદ ઝીલવાના આ મથન છે. ગહનતાને ઉકેલવી અઘરી છે, ને એ કપરૂં કાર્ય લેખકે આમાં આદર્યું છે. સફળતા કેટલી સાધી છે એ વાંચનાર નરનાર ! ત્હમે ક્‌હેજો.

ન્હાનાલાલ દલપતરામ કવિ

જગત પાછળનું જગત

દર્શન

કરમાએલાં ફૂલ

૧૪૮૯૭

એમને પરણ્યાંને તો આજે બેએક વર્ષ વીત્યાં હશે; પણ ત્હેમને માટે તો એ બે વર્ષ અનેક યુગ સમાં થઇ પડયાં હતાં.

ન્હોતાં તે ન્હાનપણમાં સાથે રમ્યાં, કે યુવાવસ્થામાં વચને બંધાયાં. પરણ્યા પછી જ ત્હેમણે જાણ્યું કે ત્હેમનાં જીવન ધન્ય થયાં હતાં.

ત્ય્હાર પછી આજ બબ્બે વર્ષનાં વ્હાણાં વાયાં; છતાં યે ન્હોતાં ત્હેમણે કોઇના દેદારનાં દર્શન કર્યાં, કે પત્ર લખ્યા. ત્હેમને માટે, ખરૂં જોતાં ત્હેમના કુટુંબ માટે, આપસઆપસમાં પત્ર પણ પાઠવવો એ મ્હોટું પાપ હતું.

પણ એ વિચાર કોઇથી ત્યજાયા છે? કે ત્યજાશે?

કરમાએલાં ફૂલ

અનેક રાત્રિનાં વ્હાણાં વાયાં, પણ તે દિવસે પ્રજ્વલિત થએલો ત્હેમનો પ્રેમ પ્રખર મધ્યાહ્નની માફક તપ્યે જતો હતો. ન્હોતી ત્હેને સ્હાંજ કે સ્હવાર; તો રાત્રિ તો ક્યહાંથી જ હોય !

અને દુનીઆનાં લોક એ જાણતાં હતાં ? ના, જરા યે નહીં. તેઓ તો ધારતાં હતાં કે હવે ત્હેમની જીવનસરિતા એક વહન નહિ વહે.

❧

જગત્ આજે મૂંઝાય છે. શા માટે ?

ત્હેના નામનું એક કવર આવ્યું હતું. ઘણા જ ઉત્સાહથી ત્હેણે તે ઉઘાડયું. ઉઘાડતાં જ તે ચમકયો અને મૂંઝાણો.

મહીં એક કરમાએલું ગુલાબનું ફૂલ હતું. બસ, ફૂલ જ; બીજું કશું યે નહીં.

વિચાર કર્યો કે ક્યહાંથી આવ્યું હશે ? કંઇ સ્હમજણ ન પડી. કવર ઉપરના અક્ષર કંઇક પરિચિત જેવા લાગ્યા, પણ યાદ ન આવ્યું કે તે કોના હશે.

ઉપર પોસ્ટઓફિસની છાપ જોઇ ત્યહારે જ ત્હેને ખબર પડી કે એ ગુલાબનું ફૂલ ચંદ્રબાળાએ મોકલ્યું હતું. અને ત્યહાર પછી જ તે સ્હમજ્યો કે ચંદ્રબાળા કરમાય છે.

કરમાએલાં ફૂલ

તે જ દિવસે ત્હેણે ચંદ્રબાળાને કરમાએલાં બકુલ મોકલ્યાં, ને ન્હાનો શો પત્ર લખ્યો.

"પ્રિય ચંદ્ર!

ગુલાબ કરમાય છે. બકુલને પાણી છાંટશો એટલે ફરી ખીલશે. શરદ્‌પૂર્ણિમાએ દેવમંદિરમાંના બકુલ નીચે આરતી સમયે મળશો?

જગત્"

❧

આજે સારા યે દેવમંદિરમાં જગતને કંઈક નવીનતા દેખાય છે. પંખીઓનો કલ્લોલ એ તો જાણે આરતીની ઝીણી ઝીણી ઘંટડી વાગતી ન હોય! પવનથી નમેલાં ફૂલછોડ તો જાણે દેવને નમન નમતી બાળાઓ ઉભી ન હોય!

પણ આ શું?

એ જ. ફૂલછોડમાંથી પેલું કોણ ઉભું થયું? જાણે ગુલાબનાં ફૂલ પોતાની મેળે જ દેવદેહે ચ્હડવા આવતાં ન હોય!

અને પેલું કોણ આવે છે? વદને અનેરૂં તેજ ને અનુપમ સ્મિત છે.

એ તો જગતને આવતો પેખી ફૂલછોડ સમી ચંદ્રબાળા ફુલછોડમાંથી ઉભી થઈ.

કરમાએલાં ફૂલ

" ચંદ્ર ! " આશ્ચર્યથી જગતે કહ્યું.

" જગત્ ! " કરૂણામય સૂરે ચંદ્રબાળાએ કહ્યું.

અને પછી બંનેએ ફૂલોમાં ફરવા માંડયું.

" આપણે નવું જગત્ વસાવીશું ? ચંદ્ર !" જગતે પૂછ્યું.

" હું ત્હેને ચંદ્રિકાથી ભીંજવીશ. " ચંદ્રબાળાએ ઉમેર્યું.

અને ત્યહારથી તેઓએ નવું જગત વસાવ્યું ને જૂના જગત્નો ત્યાગ કર્યો.

બીજી શરદ્પૂર્ણિમાએ બકુલને રમાડતી રમાડતી ચંદ્ર જગત્ પાસે ગઇ. જગત્ પેલું કરમાએલું ગુલાબ જોતો હતો. ત્હેમાં ચંદ્રબાળાએ બકુલ ને બકુલનાં ફૂલ નાંખ્યાં. જગત્ ને ચંદ્ર બકુલ ને ફૂલ તરફ જોઈ રહ્યાં. ચંદ્રબાળાએ બકુલને તેડયો ને એક બચ્ચી ભરીને કહ્યું, " આ તે કરમાએલાં ફૂલ ! માણસનું જીવન પણ ફેરવી નાંખે. "

ચંદ્રની ચંદ્રિકા તે વખતે જગતને ભીંજવતી હતી. સહુ ત્હેમાં રસભેર ન્હાયાં. ત્હમને ય આમંત્રણ છે; આવશો ને ?

અણઉઘડયાં દ્વારે

કોઇ કહેશો એ કોણ હતાં?

યૌવનને આંગણે તે ઉભી હતી. બારણે રસનાં છાંટણાં છંટાતાં હતાં. પણ અંતરનો આગળિયો હજી તો અણઉઘડયો જ હતો.

વનની કુંજો ને સરવરનાં ઉર એ એનાં હંમેશનાં ક્રીડાસ્થાન હતાં. કુંજની એ કોયલ હતી, ને સરવરની એ સારસી હતી.

હરિણની સાથે એ દોડતી ને હંસની સાથે એ તરતી. શું એને માનવમિત્ર નહોતો?

પણે, દૂર, પેલી બે આંખો! આખો દિવસ એમની દૃષ્ટિ બાળાની જ પાછળ ભમતી; જાણે ત્હેની તેજછાયા ન હોય!

એક આંખે સૂર્ય હતો ને બીજી આંખે ચંદ્ર. કોઈ કોઈ વાર સૂર્યનો તાપ વધી જતો, ને હૃદય અકળાતું. શા માટે ? કોઈ કહેશો ?

❧

કુંજોમાંથી રમતી તે સરોવરે દોડી. હંસો થંભી ગયા; કોયલ શાંત બની.

" ધુબાક " અવાજ થયો, ને ત્હેનું હૃદય ચમકયું. જૂએ છે તો બાળા ફૂલમાળા સમી પાણીમાં પડી'તી. જાણ્યું કે ડૂબશે, ને તે ગભરાયો. પોતાને તરતાં હજી નથી આવડતું. કેમ કરવું ? ધારી ક્ષણેક થંભ્યો.

ત્યહાં તો આંબાની કોઈક અણદીઠ ડાળીએ કોયલ ટહૂકી ને સરોવરમાંથી જાણે પડઘો ઉઠતો ન હોય તેમ બાળાએ " કુહૂક " કર્યું.

જાણ્યું કે એ તો બાળાનો ખેલ છે ત્યહારે ત્હેનું હૃદય કંઈક શાંત થયું.

❧

યુવકની કમ્મરે એક બંસી રહેતી. પણ એવી અનેક બંસીઓને એ એક " કુહૂક " આગળ નમવું પડતું. બંસી કમ્મરે જ રહેતી, અધરે નહીં. " કુહૂક"માં તે એવાં શાં જાદૂ ભર્યા હશે ?

❧

રોજ સ્હાંજે એ ઘીનો દીવો પ્રગટાવવા મંદિરે આવતી; ને પછી પૂજારી આરતી ઉતારતો.

પણ આજે ?

આજે મંદિરનાં દ્વાર હજી અણઉઘડયાં હતાં. મંદિરમાં પૂજારી ન્હોતો. ચિન્તા ને ચિન્તવન કરતી તે પૂજારીની વાટ જોતી બારણે બેઠી.

કુંજોની કોયલો બોલી, પણ ત્હેનો પડઘો ન્હોતો પાડતી. તે તો પૂજારીની જ વાટ જોતી બેઠી હતી.

કુંજોમાં યે કોયલ નીરસ હતી, ને સરોવરમાં હંસ નિરૂત્સાહી હતા.

અજબ !

✤

"વરસાદ હજી ઝીણો ઝીણો પડે છે, ને એ હમણાં આવશે." એવાં એનાં મનનાં મનામણાં હતાં.

પણ 'હજી એ કેમ ન આવ્યો ?' એનો એ પ્રશ્ન વળી વળીને પૂછતી.

વરસાદ એકદમ પડવા માંડયો. કોઇ દિવસ આવો વરસાદ ન્હોતો પડયો. ધરતીની ગરમી મટી; પણ બાળાના ઉરની ગરમી તો વધારે પ્રજ્વલિત થઇ.

✤

એવે એક વીજળીનો ઝબકારો થયો.

ને દૂર દૂરના જંગલમાં એક આકૃતિ–પૂજારીની?–દેખાઈ, ને ન દેખાઈ. જાણે બાળાને બોલાવતી ન હોય!

થોડીક વારે એ જ "ધુબાક"–જેણે યુવકને કાલે ચમકાવ્યો હતો તે–અવાજ ગર્જતા મેઘની વચ્ચે પણ ધીમેરો સંભળાયો. "ઓ!" કરતીકને બાળા એકદમ ચીસ પાડી ઉઠી. ત્ય્હારે યુવક ચમકયો હતો, આજ તે ચમકી.

આજે એનાં ઉરદ્વાર ઉઘડયાં. પણ ઉરને આંગણિયે બેસી વાતો કરનાર તો ક્ષણિક પ્રકાશમાંથી અનંત અંધકારમાં અલોપ થઇ ગયો હતો.

⁂

એની આંખે તમ્મર આવ્યાં, ને તે નીચે પડી.

ગાઢ અંધકારમાં કાંઇ દેખાય એમ ન્હોતું. એક હીબકી, અને "આવું છું" એ શબ્દ જ સંભળાયો.

વીજળીના એક ચમકારે બતાવ્યું કે લોહીઝરતા માથા વાળું મંદિરને અણુઉઘડયે દ્વારે ત્હેનું અચેતન શરીર પડયું હતું.

⁂

મન–મંદિરનાં એ અણુઉઘડયાં દ્વારે એમ ઉગતી કળીઓના ભોગ લીધા.

કોઈ કહેશો એ કોણ હતાં?

આત્માની છબિ

બ્રહ્મભર્યો એનો સ્નેહ બ્રહ્માંડને વીંટતો.

ફૂલની એ ફોરમ હતી; ને વાયુ એ અપહરીને ગિરિગિરિનાં શૃંગો ઉપર વેરતો. ઝીણાં ઝીણાં કલરવ કરતાં ઝરણાં એને વહી જતાં, ને સાગરને અર્પતાં. સૂર્ય અનેક દૃગરશ્મિથી એનું પાન કરતો, ને પછી જગત્ ઉપર વર્ષાવતો. એમ અનેક રૂપરૂપાન્તર કરીને એ જગત્ ઉપર પોતાની અમીવર્ષા વર્ષાવતી.

બ્રહ્માની એ છેલ્લી પૂતળી નવી જ માટીથી ઘડી હતી. ઉષાવર્ણો મ્હેનો દેહ હતો, ને આભરંગી ચુંદડી એ ઓઢતી. લીલી ચોળીમાંથી યૌવન ફુટતું. સારા યે દેહનો શણગાર તો જાણે જળભરી વાદળી વચ્ચે આછા દેખાતા મેઘધનુષ્ય જેવો લાગતો.

કોઈક વીરના ચાપમાંથી તીર છૂટતાં હોય તેમ તે નયન ચમકાવતી. જનસમૂહમાં તે વીજ સમી ચમકતી. જગત્ મ્હેની પરવા કરતું, જગતની મ્હેને પરવા ન્હોતી. એક પલકારમાં પ્રલયનાં મોજાંમાં જગતને તે ગુંગળાવે એવી હતી.

મેઘની તે ચપલા હતી, ને મેઘની પાછળ પાછળ ઘૂમતી.

અને ત્હેનો મેઘ કોણ હતો ?

આત્માના ઉંડાણમાં તે રમતો, ને અણઉકલ્યા પ્રશ્નો ઉકેલતો. રસમય જીવન તે જીવતો, ને અન્યને એ રસ ચખાડતો.

સ્નેહનાં સીંચન એ પુષ્પછોડને થયાં હતાં; ને સ્નેહની સુવાસ એ પુષ્પ ચોમેર ફેલાવતું. જગતભરનાં પુષ્પોમાં તે અદ્વિતીય હતું.

ન્હાનપણમાં સ્નેહના પાઠ પઢીને એ પંડિત થયો હતો. હવે તો આત્માના ગિરિગહ્વરોમાં તે વિહરતો; ને પ્રભુનાં અનેરાં દર્શન માટે તલસતો તે ફરતો ત્ય્હારે કોઈ કોઇ વાર છાયાદર્શન કરીને ય આત્માને સંતોખતો. મળ્યું તે જગતને અર્પવા ઝીણી ઝીણી રસવર્ષા તે જનસમૂહમાં પછી વર્ષાવતો.

એવા મેઘની ચપલા કોણ ન થાય ?

પણ કાળના મહાસાગરનો પાર કોણ પામ્યું છે ? કાળનાં મોજાં ક્ય્હારે અને કોના ઉપર ફરી વળશે એ કોણ કહી શકશે ? કાળની એ ગહનતા અમર અને અભેદ્ય છે.

જેની જરૂર અહીં છે એની જરૂર પ્રભુના દરબારમાં યે લાગે છે. દુનીઆ જેનાથી સભર છે ત્હેના વિના પ્રભુનો દરબાર સૂનો હશે ?

આત્માની છબિ

વીજળીને રઝળતી કરીને પ્રભુએ એ જલભર્યાં વાદળને વીખેરી નાંખ્યું. પણ વીજ તો જ્યહાંથી પ્રગટે ત્ય્હાં જ સમાય છે ને ?

જગતમાં જીવ્યું ક્ય્હારે કહેવાય ? એ જગતને સંભારે ત્ય્હારે, કે જગત્ એને સંભારે ત્ય્હારે ?

ઉરનું બુલબુલ તો ઉડી ગયું હતું, એટલે પોતાને જગત્ સાંભરે એમ ન્હોતું. પછી પોતાનું જ કંઈક સંભારણું મૂકીને જવાનો એણે નિશ્ચય કર્યો.

❧

આજે એ ચિત્ર પૂરૂં થવાનું હતું.

ત્હેના હૈયામાં હર્ષના ઉભરા આવતા, કારણ કે જગતને આજે તે પોતાનું છેલ્લું સંભારણું આપવાની હતી.

અને તે સંભારણું યે કેવું ?!

જેના માટે ત્હેણે અખંડ ઉજાગરા કર્યા; જેની પાછળ તે ખાવાનું અને પીવાનું ભૂલી; જેની પાછળ ત્હેને પોતાના દેહનું ભાન ન રહ્યું; અને જેની પાછળ જગતની દૃષ્ટિએ તે ગાંડી બની, એ સંભારણું–ત્હેના જીવનનું એકનું એક અમીબિન્દુ–આજે તે જગતને આપવાની હતી.

હૃદયનો રંગ ત્હેણે પીંછીમાં ઉતાર્યો હતો; ને અશ્રુ વડે ચમક આણી હતી. આબેહુબ ત્હેના આત્માની છબિ એમાં દોરાઈ હતી.

❧

અને તે હર્ષોન્મત્ત બની હતી.

આજે ત્હેને સંપૂર્ણ હર્ષ જીરવવાનો હતો. કારણ કે હંમેશનો ત્હેનો હર્ષનો કે શોકનો ભાગીદાર તો પ્રભુના દ્વાર પર બેસીને ત્હેની વાટ જોતો હતો.

ચિત્ર સ્હામે જેમ તે વધારે નિહાળતી તેમ તે વધારે ઉન્મત્ત બનતી. છેવટે ત્હેનાથી હર્ષ ન જીરવાયો ને તે બેભાન બનીને નીચે પડી.

એ ધબકારાથી સ્હામે જ પડેલા લાકડાના પાટીઆ પરથી ચીતરેલ કાચની છબિ પડી; ને છબિના ચૂરેચૂરા થઈ ગયા; ને એકાદ બે કકડા ત્હેના હૃદયનાં ઉંડાણમાં પેસી ગયા.

વીજ પડવાના ઘોરથી જગત્ દોડી આવ્યું, ને જોયું તો રસ ઝરતી તે અમૃતશૈય્યામાં પોઢી હતી.

આત્માની ભાગેલી છબિ સાંધવા પાછળ જગત ઘેલું બન્યું. પણ પ્રભુની શોધમાં નીકળેલાં એ બે નયનો તે હૃદયમાં જ રાખતી, ને સાથે જ લઇ ગઈ.

એના આત્માની છબિનાં દર્શન એમ જગતે કર્યાં, પણ આછાં ને અધૂરાં જ કર્યાં.

જીવનબંસી

જીવનબંસીનો નાદ કોઇ દિવસ સાંભળ્યો છે ?

ઉંચી એ આંબાડાળે છૂપાએલી કોયલનો ટહુકો સંભળાયો, ત્હારે તે બીજના ચંદ્રનાં દર્શન કરવા બહાર આવ્યો. પણ–

ત્હેને તો આંબાડાળમાં પૂર્ણ ચંદ્રનાં દર્શન થયાં. તે ધૂંચવાયો. આજે તો છે બીજ; ને પૂર્ણિમાનો ચંદ્ર આ ક્યહાંથી ? ત્યહાં તો ચંદ્ર ખસ્યો, ને પાછળ બીજના ચંદ્રનાં દર્શન થયાં.

ત્યહારે ત્યહાં તે કોણ હતું ?

ગુલાબની રતાશ ત્હેનામાં હતી, ને કમળની મૃદુતા યે હતી. ચંપાની માફક નાગવાસો ન હતી; પણ બકુલની શાશ્વત સુગંધ હતી. જગતનાં મધુરપભર્યાં પુષ્પોની એ માળા હતી.

પરલોકની પગથી ઉતરતા સૂર્યદેવને સત્કારવા આભનાં સુવર્ણદ્વાર ઉઘડતાં જણાયાં; ને મીટ માંડતાંમાં તો પૃથ્વી અજવાળતા સૂર્યદેવ પધાર્યા. જગતનું ચેતન એમને દર્શને આવ્યું.

આમ્રકુંજની ઝીણી ઝીણી જાળીઓમાંથી સૂર્યદેવ ડોકીઆં કરતા હતા. ફળ વીણવા તે ઝાડ ઉપર ચડયો હતો ને ત્હેની પાછળ સૂર્ય ઢંકાતો.

એવે સૂર્યપૂજનને કાજ તે બહાર આવી, ને અનેરા સૂર્યનાં દર્શન કર્યાં.

ફરી પણ એની એ જ એ આમ્રકુંજ હતી !

ત્ય્હાર પછી તો એમની ઉરબંસરીઓ અનેક વાર છેડાતી, ને ઝરતા રસમાં તેઓ ન્હાતાં.

એક કહેઃ

બંસીનો નાદ સૂણી દોડી ગયાં, ને
મ્હારે વ્હાલે કર્યો ત્ય્હાં પ્રશ્ન રે,
કહોને ગોપી ! કેમ આવ્યાં રે ?

બંસી બજાવી, વ્હાલા ! પાસે બોલાવી;
પછી હવે પૂછો શું આમ રે ?
સુણોને ક્હાન ! એમ આવ્યાં રે.

ત્ય્હારે વળી કહેતોઃ

વૃંદાવને ઉભો બંસી બજાવું;
તેણે હરી લીધાં શું મંન રે ?
કહોને ગોપી ! કેમ આવ્યાં રે ?

ને વળી એનો એ જ પ્રત્યુત્તર મળતોઃ

બંસીના નાદે વ્હાલા ! કાને પડીને
ભૂલાવ્યાં છે દેહનાં ભાન રે;
સુણોને ક્હાન ! એમ આવ્યાં રે.

અને એમ એ રસભરી પ્રશ્નોત્તરી થતી.

ને બંસીનો તે અચ્છો બજવૈયો હતો. સારી યે સૃષ્ટિ એની બંસીના તાલમાં ડોલી રહેતી. ને હજી યે ક્ય્હાં નથી ડોલતી ?

એની બંસીનો નાદ અનિલલહરીમાં વીંટળાઇને સુરલોકમાં પહોંચતો ત્ય્હારે ત્ય્હાં ઔર રંગ જામતો. કેટલીક વખત સ્વર્ગ પૃથ્વી ઉપર ઉતરતું, ને એ રસામૃતનું પાન કરતું.

આ તો ત્હેની અબનૂસની બંસીનો સૂર હતો; પણ ત્હેની જીવનબંસીનો સૂર તો અનેરો જ હતો; ને કોઇક જ તે પામતું.

અને એ જીવનબંસોના સૂર ઉપર તે પોતાનું જીવન વારી જતી.

પણ કુદરત !

કેટલીક વખત કુદરતને ય મનુષ્યની ઇર્ષા આવે છે. ને એ કોણ નથી જાણતું ?

લીલી હરિયાળી સૂર્યનાં કિરણોમાં નીલમ શી ઝગમગતી, ને મહીં ધોળાં અકીક શાં શ્વેત ફૂલ ચમકતાં. ધીરગભીર વાયુલહરી પંખીઓના મધુર

કલરવને જગતના કર્ણહૃદયમાં પધરાવતી ને પાવન કરતી. કુદરત એમ ચોમેર ખીલી ઉઠી હતી.

એવે કુદરતની સ્હામે જંગ ખેલવા સરોવરની પાળ પર બેસીને સરોવરના તરંગથી યે ધીમી ને મીઠી હલકે ત્હેણે બંસીમાં અનેરૂં ગાન ગાયું.

તરત તે હસતી હસતી આવી; જાણે સ્વર્ગ જીતવા જ નીકળી ન હોય !

પણ–પણ ત્હેને ભાન ન રહ્યું. તે તો એ જીવન-બંસીને સૂરે ઘેલી બની હતી.

તે એકદમ આવી ને આંખ દબાવવા ગઇ. એટલે ત્હેનો ધક્કો એને લાગ્યો. અણધાર્યો એ ધક્કો–એણે જ કુદરતનું કામ કર્યું. સ્થિરતા ન રહી બંને સાથે જ સરોવ-રમાં પડયાં, કમળવેલોમાં ઘૂંચવાયાં, ને ડૂબ્યાં. અને એમ સ્વર્ગ જીતતાં પહેલાં ત્હેમણે જગતને જીત્યું.

પણ એમની બંસી તો અમીવર્ષા વર્ષાવતી જ રહી છે. હજી યે એ સરોવરજલમાંથી એમની જીવનબંસીનો સૂર સાથે જ ઉઠે છે; ને રસના ભોગી એ સુર સુણવાને ત્ય્હાં જાય છે, મંહી ન્હાય છે, ને પાવન થાય છે.

જીવનબંસીનો એ સૂર સુણવા કોઇક દિવસ તો ત્ય્હાં પધારજો !

અનન્તતાને આરે

અનંતતાને આરે સ્નેહની ઝડીઓ ઝમતી બ્રહ્મ-બંસરીનો પરમ શબ્દ ઝીલ્યો છે—કે જીરવ્યો છે?

ચંદ્રની અમૃત કણિકાઓનો ત્હેનો દેહ હતો. ચંદ્રની તે ચંદ્રિકા હતી, ને જગત્ ઉપર શીતળ ચાંદની ઢોળતી. જગત્ એની ચાંદનીને અનિમિષ નેને પીતું.

સારો યે દેહ તો જાણે સૌન્દર્યનો રસથાળ. ત્હેની વેણીમાં નાગનું ઝેર ન હતું, પણ જીવન મ્હેકાવતું સ્નેહામૃત એમાંથી ઝરતું. સુર ને અસુર એ અમૃતથી વણછીપ્યા જ રહેતા.

પાપપુણ્યના પગ તે જોઈજોઈને મૂકતી ને જીવનનાં ડગ તે માપી માપીને માંડતી. આકાશધરતીમાં અવિનાશીને પંથે એ અવિરામ ચાલતી.

કુદરતનું સૌન્દર્ય એને અંગે અંગે ઉભરાતું, ને પરમનો પ્રેમ એની આંખોમાં ઉછળતો.

❧

અને તે.........?

આનંદનો તો તે અખૂટ ઝરો હતો. આનંદ જાણે એનો જીવનરસ હતો. ઘડીઘડીમાં એનું આનંદભર્યું મુખડું મરકલડું મારી જતું. અને એ આછું સ્મિત જગતના હૈયાને પ્રલયકાળ સૂધી નચાવવાને બસ હતું. એનો આનંદ અનેરો હતો. એ તો રાખમાંથી રામને શોધતો; દુઃખમાં યે દેવ દેખતો. સર્વ સ્થળે એ પ્રભુને પેખતો ને એમાં જ સચ્ચિદાનંદે રાચતો.

હંમેશનો એનો એક જ રસરણકાર હતો કેઃ—

સુખને ચિન્તવે જેહ, પામે છે સુખને જ તે;
દુઃખને ચિન્તવે જેહ, પામે છે દુઃખમાં જ તે.

અને એની ધૂનમાં જ્યહારે તે લીન થઈ જતો ત્યહારે એ લીનતાની સમાધિમાં ત્હેને ત્હેની આનંદમય સ્નેહમૂર્તિનાં દર્શન થતાં.

❧

એ પછીની શરદ્પૂર્ણિમાના રાસમંડળમાં બે ચંદ્ર સોળે કળાએ વિકસ્યા હતા. એક આભ અજવાળતો, ને બીજો ઉર અજવાળતો.

સૂર્યમંડળમાં સૂર્ય શો તે વચ્ચે વાંસળી વગાડતો હતો, ને ચોમેર બ્રહ્માંડમાળા શી સ્નેહબાળાઓ ઘૂમતી. રસમાળના એ સ્નેહપુવારાની શીતળતામાં વાંસળીનો સૂર દિગ્દિગન્તને ગજાવતો; ને જનતા એ નવફ્હાન-ગોપીનાં રાસદર્શને દૂરદૂરના પ્રદેશમાંથી આવતી.

પણ સૂર્યનો પ્રકાશ તો ચંદ્ર જ ઝીલી પૃથ્વીને અર્પે છે ને ?

સૂર્યબંસીનો સૂર તો એને જ શોધતો. ને તે એ સૂરને પોતાના કંઠમાં ઉતારી સૂરમાં સૂર મેળવી જગતનાં હૈયાંને અજવાળતી.

એવાં સ્નેહસૃષ્ટિનાં તે સૂર્ય ને ચંદ્ર હતાં.

❧

જીવનની સર્વ ઝરણી જે કો પ્રભુના પ્રેમસાગરમાં રેલાવે છે તે સચ્ચિદાનંદને માણે છે.

એ ભાવે સ્નેહસાગરના ગંભીર આકાશઊંડા જળમાં ત્હેમણે પોતાનું જીવનનાવ ઝૂકાવ્યું. આનંદના તે હલેસાં મારતો; આત્મનૂના સુકાને તે કંઇક ખડકોથી તરી નૌકાને બચાવતી.

સ્નેહસાગરની ઊર્મિઓની રજતરંગી કિનાર ઉપર સૂવર્ણરંગી સૂર્યદેવ પોતાનાં કિરણો નચાવતા. એ કિરણકિરણમાંનાં કામણ એ સ્નેહસાગરનો પહેલો ખડક; અને ત્હેનાથી ત્હેમણે હોડીને બચાવી.

❧

અનન્તતાને આરે

સ્નેહસાગરના વિશાળ જલપટ ઉપર પછી સુર-લોકની મોહાંગનાઓ ઉતરી અને મોહજાળ બિછાવી. પુષ્પધન્વાએ અંતરિક્ષમાંથી વિલાસની વૃષ્ટિ કરી.

પણ ત્હેમનું ધ્યેય તો હૃદયક્ષિતિજ ઉપર જલતી પરમજ્યોત હતી. મોહજાળને ચીરીને અને વિલાસવાદળને વિખેરીને ત્હેમની તરણી અનંતતાને આરે આવી—પરમજ્યોતને શરણે પહોંચી.

અને ત્ય્હાંથી ત્હેણે બ્રહ્મબંસરી છેડી, અને જગતને સંદેશ પાઠવ્યોઃ

> " સ્નેહ એટલે કૌમારની કુમાશ;
> સ્નેહી એટલે કુમાર.
> સ્નેહને અભડાવશો મા,
> અપનાવજો. "

હજી યે એ બ્રહ્મબંસરીનો પરમ ધ્વનિ અનંત-તાને આરે સંસારના ઘુમ્મટ શો જગત્ ઘેરતો ઘૂઘવે છે, ને કો વિરલ આત્મા એ બ્રહ્મબોલને જીવનમાં ઝીલે છે.

તું યે એ કાં ન ઝીલે ?

સ્નેહનાં સંન્યાસી

સ્નેહનાં સંન્યાસીનાં કોઇક વારે દર્શન કર્યા છે?

સૃષ્ટિ સારીને યે તે સુગંધીથી મ્હેકાવતી. સુગંધીનો તો તે ભંડાર હતી. ત્હેના ઉચ્છ્વાસવાટે તે આત્મ-સુવાસ બ્હાર કાઢતી; અને પવનની પાંખો પર વિરાજીને એ સુગંધી જગતભરના પુષ્પોમાં ફેલાતી. દરેક ઉચ્છ્વાસે એમ જગત્ નવી સુગંધી પામતું. પુષ્પોમાં યે ત્હેની અખંડ સુવાસ પ્રસરેલી જ છેને!

અને તે રસની વાદળી હતી; હંમેશાં ઝીણી ઝીણી રસવર્ષા વર્ષાવ્યાં જ કરતી. ત્હેના દેહમાંથી રસની ધારાઓ વછૂટતી અને જગતના પુષ્પો પર તે છંટાતી. કોઈ કોઇ વખતે પ્યાસું જગત્ ત્હેનું પાન કરવા આવતું.

સ્નેહનાં સંન્યાસી

પુણ્યને પંથે પળતાં ઉડતા સાળુની કોર જ્યહારે તે સંકેલતી ત્ય્હારે સાળુની ઝીણી ઝીણી જાળીઓમાંથી અનેક રસધાર નીતરતી. પૃથ્વી તે પીતી ને પાવન થતી. જગત્ એના એ પુનિત અમૃતરસ માટે નિત્ય-તરસ્યું રહેતું.

એમ સુવાસ અને રસવર્ષા પામીને પૃથ્વીએ ત્હેને પોતાની રસરાજ્ઞી કરી સ્થાપી હતી.

❧

અને તે હતો ત્હેનો રસરાજવી.

આત્માની આછી ને અધૂરી નિકુંજોમાં તે વિહરતો. પૃથ્વીનાં વૃક્ષવેલીએ બેઠાં તે સુરલોકનાં ગાન ગાતો.

દેહડાળીએ આત્માને તે ઝૂલાવતો, ને સ્નેહનાં પિયૂષ પાઇને તે પોષતો. તે કહેતો કે " સ્નેહ આત્માનો યે આત્મા છે. આત્માસૂના જ સ્નેહસૂના હોય. "

ભગવો ઝુંડો લઈને તે ફરતો. ને એ ઝુંડાની વચ્ચે ત્હેણે સોનેરી અક્ષરે ' સ્નેહ ' શબ્દ લખ્યો હતો.

જગતનો તે સંન્યાસી—ત્યાગી હતો; પણ સ્નેહનો તો તે પિપાસુ હતો.

એમ જગતનાં અને એનાં પગલાં અવળાં પડતાં.

પાપના ખાડા કૂદતો ને પુણ્યના ઢોળાવ ચ્હડતો તે આત્માને પંથે પળતો હતો. સાળુની પાંખો ફફડાવતી તે પાછળ ઉડતી.

મેઘ સ્વરૂપે તે આત્માની ગુફાઓમાં વરસતો, ત્હારે વીજ બનીને તે ગુફાઓને અજવાળતી.

આત્મા ત્હેમનો આકાશે ઉડતો; આંખો પાતાળ ચીરતી; ને દેહ પૃથ્વી પર હતા. એમ તેઓ સંગાથે સ્વર્ગ મૃત્યુ ને પાતાળમાં વિહરતાં.

ત્હેમના દેહડોલનને તાલે જગત્ ડોલતું. અને હજી યે એ ડોલનના રહ્યોસહ્યો આંચકો બ્રહ્માંડને ઘૂમાવે છે.

ઉરનાં ઉંડાણુમાંથી સ્નેહજ્યોત પ્રગટતી, અને એ જ્યોતના પ્રકાશમાં તેઓ આગળ ધપતાં. જગત તે જોઇ રહેતું. ત્હેમને જગત સ્હામે જોવાની દરકાર ન્હોતી.

ગુંચવણો જીવનની મુશ્કેલ કે જગતની ?

જીવનની તો ત્હેમણે ઉકેલી હતી; જગતની જાણુવા તેઓ પ્રયત્ન કરતાં.

સ્નેહનાં સંન્યાસી

આભની પગથી ઉતરતો સૂર્ય જલભર્યાં વાદળાંની વચ્ચે ઝીણેરો દેખાતો હતો, ને થોડીવારમાં તો સુરલોકમાં સિધાવ્યો. એવે પર્યટનમાં વનના દરવાજા વીંધીને તેઓ ગાઢ અંધકારમાં પ્રવેશ્યાં.

સ્નેહના ઝુંડાને નમન નમીને તેઓએ વાળુ કર્યું; ને પછી થોડી વાર સ્નેહ અને આત્માની ચર્ચા કરી. ત્ય્હાર પછી પ્રભુપ્રાર્થના કરીને નિદ્રાદેવીને શરણે તેઓ સૂતાં. પ્રભુનાં ભક્તો પર નિદ્રાદેવીની કૃપા હોય છે ને ? સ્નેહનાં સંન્યાસીને તેણે તરત ગોદમાં લીધાં.

જંગલનાં અનુભવીઓ જંગલનાં કષ્ટો જાણે છે. આજનો દિવસ એમને એ કષ્ટો અનુભવવાને પ્રભુએ નિર્મ્યો હતો.

નિદ્રાને ખોળે સૂતો સૂતો તે સ્વપ્ન અનુભવતો હતો. જાણે પ્રભુની સાન્નિધ્યમાં તે હતો, અને હમણાં જ પ્રભુ એના મસ્તક પર પોતાનો સ્નેહભર્યો હાથ મૂકશે ને સ્નેહે નીતરાવશે એમ થતું. ત્ય્હાં તો—

આશાની કુંજોમાં તે વિહરતો હતો, ત્ય્હાં તો પ્રારબ્ધની જાળમાં તે ફસાયો.

જે ઝાડ નીચે તેઓ સૂતાં હતાં ત્ય્હાં મણિધરની ગુફા હતી. ચારા માટે નીકળેલા નાગે ત્હેને દંશ

દીધો ને ત્હેણે ચીસ પાડી. અણચિન્તવી ચીસ સાંભળીને તે યે જાગી ઉઠી.

વિષની અસર ત્હેને કાતિલ થઇ પડી. પ્રભુનું સાન્નિધ્ય તે સ્વપ્નમાં અનુભવતો હતો; હવે તે ખરેખર ત્ય્હાં જવા તૈયારી કરતો.

પણ એમ એક પાંખે પ્રભુનું એ લાંબું અંતર કંઇ કપાય છે ?

એના જીવનને ઓગળતું જોઇને તે યે વિલીન થવા તૈયાર થઇ. દંશની જગ્યાએ ત્હેણે પોતાના હોઠ લગાડયા, ને વિષને હ્રદયમાં ખેંચ્યું. દંશનું ઝેર એમ તે ચૂસી ગઈ, ને દેહ અર્પીને આત્માને ઉગારવા યત્ન આદર્યો.

પણ ઝેરની અસર તો થઈ ચૂકી હતી. ઝેરને દેહમાં સમાવીને સ્નેહનો સંન્યાસી પ્રભુને પંથે નીકળી ચૂકયો હતો. પણ તે એકલો ને અટૂલો હતો. સાથની વાટ જોતો હતો. સ્નેહ તો સ્નેહીની વાટ જૂએ જ ને ?

સ્નેહ વિનાનો સંસાર ત્હેને અસાર લાગ્યો, ને તે ઝેર પીને સ્નેહીની પાછળ પળી.

એમ સ્નેહનાં સંન્યાસી પ્રભુના દરબારમાં પહોંચવા આત્મા અને સ્નેહને માર્ગે ચાલી નીકળ્યાં.

અને હજી યે એ સ્નેહનીતરતો સ્નેહનો ભગવો ઝુંડો ત્યહાં ઉડે છે, ને એમાંથી ઝરતો સ્નેહ દુનીઆમાં વેરાય છે. જગત્ એ હ્રુદયમાં સંઘરે છે. એમાંથી ઝરતો સ્નેહ તો જગત્ આજે આપસઆપસમાં અર્પે છે.

સ્નેહનાં ભગવા ઝુંડાની સાક્ષીએ એમ જગત ઉપર હજી યે સ્નેહનાં સંન્યાસીનું રાજ્ય છે.

પ્રલયનાં પૂર

પ્રલયનાં પૂર પછીનું જગત, એ માનવી ! કોઈ દિવસ કલ્પ્યું છે ?

❦

વિશ્વની ઉંડીઉંડેરી પગથીસૂની વનકુંજમાં સ્નેહની વાયુલહરીએ આછી વિકસતી તે ફૂલપાંદડી હતી.

કે કલાપૂજકનાં અંતર્ચક્ષુ સ્હામે તરવરતી દિવ્ય કલ્પનામૂર્તિ સમી તે કૌમારની પ્રતિમા હતી. કૌમારની પ્રતિભા એને અંગે અંગે વિલસતી, ને એનાં તેજ ત્હેના દેહને આચ્છાદી રહેતાં. એનો દેહ જાણે એ ઓજસ્ વડે જ ન રચાયો હોય એવું કરી મૂકતાં. અને એ તેજઆચ્છાદન ભેદીને મંહીથી એનું સ્નેહ-ઝરતું મુખડું આછું મલકતું એકલું તરવરતું: જાણે તેજસાગરની ઉર્મિઓ ઉપર હીંચકતી ન્હાની શી જીવન તારિણી તરણી !

એના આત્મામાંથી એક અનંત રસસ્રોત વહતો, ને ત્હેના દિલને ને દેહને ભીંજવીને પવિત્રતાની મૂર્તિ સમી કરી સ્થાપતો. ઘડીભર એ અવ્યક્ત મૂર્તિ સ્હામે પેખીને દાનવો યે દેવ બનતા.

જીવનની જ્યોત સમી તે હ્રદયમંદિરને બારણે, આંગણું અજવાળતી, ઉભી હતી. નરી નિર્મળતા ભરી જાણે કો સૌન્દર્યદેવી! અદ્વૈતનાં એની આંખમાં અંજન આંજ્યાં હતાં.

એને પગલે પગલે પુણ્ય વેરાતાં; ને નજરનજરમાંથી નારાયણ નિર્ઝરતા.

*

અને વીણાનો તે પરમ પૂજારી હતો. વીણામાં એ પોતાનું જીવન ગાતો.

એની વીણા સાંભળીને વિશ્વવીણાના તાર ઝણઝણી ઉઠતા. એના સુરગાં શોક હતો; એના આલાપમાં વિલાપ હતો; ને એની મીંઢ લેતાં તો કંઇક હૈયાં ચીરાઇ જતાં. વનની એકાન્તો ને યોગીની ગુફાઓ એ વીણાના સુરે ક્ષણિક કંપી ઉઠતાં, ને નદીનાં ઉતાવળાં નીર મંહી આંસુના આલાપ પૂરતાં.

વિશ્વની ઉષાને ઉગતી નીરખવા તે રોજ નગરની

કાલિન્દીને કાંઠડે આવતો, ને ઉગતી ઉષાને વીણા વગાડીને વધાવતો. ત્હેને ખબર ન્હોતી કે ત્હેની ઉષાને —ઉગશે ત્ય્હારે—કોણે વધાવવી પડશે. તે તો વિશ્વની ઉષાને નિહાળતો ને મનમાં અધસમજ્યું ગણગણતોઃ "મ્હારી ઉષા નહીં જ ઉગે?—કે મ્હારા જીવનમાં ઉષા જ નહીં હોય?"

અંધકારમાં યે પ્રકાશના પડછાયા પડે છે ને અંધકારને ઉજાળે છે; તેમ ત્હેના દેહની કાંતિ મ્હરોડના અંધકારને અજવાળતી, ને એ ઉજાસમાં તે કાલિન્દીને માર્ગે એકલો ચાલ્યો જતો. ત્ય્હાં રોજ ઉષાને પેખતો ને નિરાશા પીને પાછો ફરતો. ત્હો યે ત્હેને અન્તરમાં આશા રહેતી. આશા અંધારનું ઓજસ્ છે.

અગમ્ય ને અદ્રશ્ય ભૂતગુફામાંથી કાલિન્દીનાં નીર ઉછળતાં ને અનંત ને અજ્ઞાત ભવિષ્યધરામાં વહતાં. વર્તમાનનાં એનાં વહેણ હતાં. એના ઘૂઘવાટમાંથી ઈતિહાસ રચાતા ને જોષ જોવાતા.

સૃજનને ને પ્રલયને સાંકળતી એ જગતની જાહ્નવી હતી. મંહી જગત્જગત્‌નાં પુણ્ય પાંગરતાં ને પાપ ઓસરતાં.

ભરતી ને ઓટ એ મહાનદનાં નીરમાં આવતાં, ને મંહી તરતા જીવનનાવને હંફાવતા. કેટલાક આરામાં જ ડૂબતાઃ કોક આત્મસુકાની સંયમી જીવ એ તરીને પાર ઉતરતું.

મંહી ખડકે હતા ને ખાડા યે હતા; પાણી છીછરાં યે હતાં ને ઉંડાં યે હતાં. ત્હો યે એનાં વ્હેણ એક-સરખાં ઝડપીલાં હતાં. ક્ય્હાં યે ધીરા ન્હોતાં; ક્ય્હાં યે ઉતાવળાં ન્હોતાં.

એવી એ કાલિન્દી દશે દિશાઓ ભીંજવતી, બ્રહ્માંડ સોંસરી લોકલોકમાં થઇને વહતી, ને અન્તે અનંતતામાં ભળતી.

❧

કાળાં વાદળમાંથી વીજળી ચમકે એમ ગાઢ અંધકારને ભેદીને એની દેહવલ્લરી કાલિન્દીને કાંઠડે ઝબકી, ને સ્નેહનાં જળ ભરવાને હૈયાની હેલ ઉતારી.

પછી પૂર્વમાં ઉષાની પહેલી પ્રાગટ ઉગી.

પૃથ્વીને પાટલે આજે એની ઉષા ઉગી હતી, પણ તે જાણતો ન્હોતો. એ તો વિશ્વની ઉષાને વીણાથી વધાવતો બેઠો હતો.

ત્ય્હાં તો ક્ષણભંગુર દેહ શો વીણાનો ઘસાએલો તાર મીંઢ લેતામાં તૂટી ગયો. ત્હેનાં વધામણાં પૂરાંપૂરાં ત્હો યે અધૂરાં રહ્યાં. ત્હેનાં હતાશ નયનો અવકાશને ભેદીને ઉષા તરફ શૂન્ય નજર ફેંકી રહ્યાં.

આભમાંની ઉષા આશ્ચર્યે ત્હેની દ્રષ્ટિ આમ્રમંજરી-ઢાંક્યા જલઘાટનાં પગથીઆં ઉપર ઢળી: જાણે પુષ્પ-પાથરી સ્વર્ગે સંચરતી જગતનાં સ્નેહીઓની સ્નેહપગથી !

પ્રલયનાં પૂર

અને છેક છેડે જીવનનાં જળ ડ્હોળીને કાળજૂના પ્રશ્નો ઉકેલતી કો બાળા અનિમિષ નયણે ત્હેને નમન નમી નિહાળી રહી હતી.

ને ત્હેણે પણ પ્રતિનમન કર્યું.

ચારે નયનમાંથી સ્નેહનાં તેજકિરણ ઝર્યાં, ને ત્હેની તેજડાળી બની રહી. ઉપર બે હૃદય કોક પાંદડે બેસીને કલ્લોલતાં હતાં. નજર ભરીને નયણાં એ નીરખતાં.

એમ ત્હેની જીવનની ઉષા ઉગી, ને એણે એને અજાણ્યે અજાણ્યે જીવન સમર્પીને વધાવી.

કાલિન્દીને કાંઠડે પછી પ્રલયનાં મોજાં પછડાયાં. દિગ્દિગન્તમાંથી એમની છોળો આભને ને આયુને ભીંજવતી ઉછળતી. આકાશ ઉપરથી ઓધાર આંસુ વર્ષાવતું.

કુદરતે આજ જાણે પોતાનો જ સંહાર આદર્યો હતો. પણ એ ઘોર સંહાર પછી જ પરમ શાંતિનાં સામ્રાજ્ય સ્થપાવાનાં છે એ કોણ વિચારતું ?

ને વીણાને વળગીને બે દેહ પૂરનાં પાણી ઉપર હીલોળાતાં હતાં.

સ્નેહમાં પ્રભુત્વ છે; સ્નેહી પ્રભુનો ભક્ત છે; ભક્તથી પ્રભુ દૂર નથી.

પ્રલયનું એ કાળમોજું ધસમસતું આવ્યું, ને

ત્હેમને લઇને અદ્ધર ઉછળ્યું. દિલની ઉંચાઇએ ત્હેમના દેહ ઉડયા.

ત્ય્હારે આભને ચીરીને પરમનાં તેજ પ્રગટયાં, ને ત્હેમના અવિભક્ત આત્મા મળી એક થયા.

ઓસરતાં પાણી ત્હેમના દેહ ઉપર ફરી વળ્યાં. અંધકારઘેર્યો ઇતિહાસના ઉપર થર બાઝી ગયા.

❀

તીરે ઉભા મનુષ્યે કલ્પના દોડાવી કે, " વીણા ઉપર વીજળી પડી. "

સન્ધ્યાને આરે

સન્ધ્યાને આરે ખેલતી પ્રકૃતિના ને પ્રકૃતિબોલોના રસરાસ નીરખજો ને પારખજો.

*

ચેતનની તે અજબ ચીનગારી હતી. એક બ્રહ્માંડથી બીજે બ્રહ્માંડ, ને બીજે બ્રહ્માંડથી ત્રીજે બ્રહ્માંડે, એમ તે અનંત બ્રહ્માંડોમાં ઘુમીઘૂમીને બ્રહ્મને પણ ચૈતન્યમય કરી મૂકતી.

અને ત્હો ય તે કોમળતાની કળી હતી. એને પગલે પગલે—એની નજરે નજરે કોમળતાના ક્યારા ઉગતા, ને મંહીથી માધુર્યના ફાલ ઉભરાતા ઉતરતા.

જગત્ જ્યહારે વાસંતી વાઘા સજી મધુરપની છોળો ઉછાળતું, ત્યહારે નિર્મળ સૌન્દર્યની કો અટૂલી લેખડેથી તે સ્નેહના પૂર વહાવતી. પાપી—અપાપી સહુ યે એમાં ઝબકોળાઈને આત્માને ઉન્નતિને શિખરે સ્થાપતા.

જગતઉદ્ધારિણી જેવી એ પ્રારબ્ધનાં પૂર સ્હામે યે ઝૂઝીને પોતાનો ઉદ્ધાર શોધતી હતી.

❀

ને આત્માનો તે પરમ અભ્યાસી હતો.

આત્મા ને પરમાત્મા, આત્મા ને દેહ, અને દેહ ને જગતને આપસઆપસમાં શો સંબંધ છે એ શોધવા તે મચ્યો જ રહેતો. દિવસે તે વિચારતો, ને રાત્રે સ્વપ્નામાં તે વાગોળતો.

તેજતેજના અંબાર શી ત્હેની ભવ્ય દેહકાંતિ સારા યે બ્રહ્માંડને સભર ભરી મૂકતી. જાણે બ્રહ્મ એ તેજસાગરમાં હીલોળાતું ન હોય !

ને જગતને તો એનો એક જ સંદેશ હતો:—

" પ્રભુને પામવાના પરમ માર્ગ છે
વિશુદ્ધ ગૃહસ્થાશ્રમ કે પરમ સંન્યસ્ત;
નથી એકે બીજાથી ઉણુંઅધૂરું."

ને છતાં યે જગતનો એપરવા તે અહાલેકના અખાડાને કો અણુકીઠ ખૂણે અહાલેકનું ધ્યાન ધરતો આત્માને ઉંચે ને ઉંચે ઉછાળતો હતો.

❀

આજના યુવકોનો—આવતી કાલની પ્રજાનો પ્રશ્ન તે ઉગતો સંસાર:

સન્ધ્યાને આરે

સંસારના ધોરી રસ્તા યે મહાવિકટ ને ભૂલભૂલામણા છે. પગલે પગલે માર્ગ ઘૂંચવાય છે; પળે પળે આયુષ્ય ઓછું થાય છે. ઘૂંચ જેટલી વ્હેલેરી ઉકેલાય તેટલી વધુ સફળતા.

સંસારને શિખરે પહોંચવું કપરૂં છે. સંસારી કે સંન્યાસી જેમ જેમ ઉંચે ચ્હડે છે તેમ તેમ ત્હેની નીચે લાલચોની લીલી હરિયાળી વધુ ને વધુ જામતી જાય છે, વધુ ને વધુ આકર્ષતી જાય છે. એ જ હરિયાળીને પગ નીચે ખૂંદીને—ના, એમ નહીં, એને ધીરમધીરેથી અળગી કરી ઉશેટીને જ આગળ ધપવાનું છે. કારણ કે પાપને યે ધિક્કારવાનો સન્તને અધિકાર નથી.

એક બાજૂ કાળના મુખ સમી ને ત્હો યે આકર્ષક ઉંડી ગર્તા; ને બીજી બાજૂ ઉંચે ઉંચે આભને અડતું સંસારનું શિખર—પરમ શાંતિનું ધામ; ઓ યુવાન્ યાત્રાળુ ! આત્મા કહે એ પંથે પળજે !

વિરાટને વડલે જ્ય્હારથી માનવમેનાઓ ટહુકવા માંડી ત્ય્હારથી જ ત્હેમણે સંસારશિખરની એ રસયાત્રા આદરી.

ઉડ્ડયનના પાઠ પઢતા કોઈ બાલપંખીની પાંખના ફફડાટમાંની ધ્રૂજારી નિરખી છે ? એવા જ એમના યે

પગ એ સંસારગિરિની પગથી ચ્હડતાં ધ્રૂજતા. પણ અનુભવ એટલે અપૂર્ણતાનો નાશ. એમ એમની યે એ ધ્રૂજારી અનુભવવડે નાશ પામી.

ને લાલચોના પૂર સ્હામે ઘણી યે વાર ઝઝૂમ્યા હશો. દોધારી તલવારની ઘણી વેળા સેજ બિછાવી હશે. જો બિછાવી હશે તો કંઇકે કલ્પી શકશો કે લાલચોનાં કામણ કેવાંક કારમાં હોય છે. એ લાલચોથી અળગા રહીને ત્હેમને આગળ ધપવાનું હતું. કામણોની પરંપરા જ્યહારે તેઓ દૂર કરતા ત્યહારે જાણે દિલથી દેહનાં પ્રત્યેક અંગ અળગાં કરતાં ન હોય તેમ લાગતું—આત્મા ઉપરના એકએક ડાઘ ઉખેડતાં ન હોય તેમ લાગતું.

પણ દેહ એટલે વાસનાનું સ્થૂલ સ્વરૂપ તે કોણ નથી જાણતું?—કે નહીં માને? ને પછી તો એક એક વાસના ફીટ્યે એકએક ગાત્ર ગળે જ ને?

સુંદરીના સૌન્દર્ય પ્રત્યે કોઈ વાર બેપરવા બન્યા છો? દુઃખમાં યે રસ માણતા એ રસર્ષિઓને જોઇને લાલચોનું યે ક્ષણિક સૌન્દર્ય એવું ચીમળાઇ જતું. એવી પળમાં યે હસ્યા હશો તો ત્હેમના એ સ્નેહનીતરતા દયામય હાસ્યથી વાગેલા ઘાનાં દર્દ સ્હમજાશે જ.

સહુ વાર્તાને છેડો હોય છે, ને આખરે એમની યે એ રસયાત્રાનો છેડો આવ્યો—લાલચોને યે લલચાવીને સંસારગિરિને પુણ્યશિખરે પહોંચ્યાં.

રસ ને રસિકતા જાણે સ્નેહને કિરીટે ન ખેલતાં હોય એવાં તેઓ સંસારને શિખરે શોભતાં.

ને જ્હારે ત્હેમણે એ ઝળહળતો કીર્તિમુગટ—પૃથ્વીનું છેલ્લું સંભારણું—મસ્તકેથી ઉતાર્યો ત્હારે તો પૃથ્વીપરના મનુષ્યો બૂમ પાડી ઉઠયાં : “ અસંતોષી જીવડાઓ ! શાને કાજે આટઆટલાં દુ:ખ સહન કરતાં હશો ? ”

ત્હારે સૂર્યનાં તીરછાં કિરણો પૃથ્વીની છેલ્લી વિદાય લેતાં હતાં. એ આથમતા સૂર્યદેવને નમન નમવા તેઓ પાછળ ફર્યા.

ને પાછળ જ એ આકાશઊંડી ખીણ પર્વતનો પટવિસ્તાર ઘેરતી પાંગરી હતી. એ અંધકારભરી ખીણ જોઇને ત્હેમને ચક્કર આવ્યાં, ને તેઓ ત્હાંથી લથડયાં—એ ખીણમાં પડયાં.

ત્હારે પૃથ્વીએ કહ્યું કે ત્હેમણે આપઘાત કર્યો, ને દેવોએ કહ્યું કે ત્હેમનું નાશવંત તત્ત્વ નાશ પામ્યું. જે હો તે હો : પણ એટલું તો નક્કી કે ત્હેમના

રસાત્મન્ પરમાત્મન્ જોડે જોડાઇ ગયા. સંધ્યાને આરે ત્હેમની યે જીવનસંધ્યા પડી.

*

ત્ય્હારે સંધ્યાના આભમાં પૃથ્વીવીંટતી અસંતોષની જ્વાલાઓ ભભૂકતી ઉછળતી હતી. કવિઓએ ને કલાકારોએ એને સંધ્યાની લાલી કહી વર્ણવી છે. જનનાના હૃદયના રૂધીરનો એ રંગ નથી ?

આત્માનાં બન્ધન

જગત્ જેને જીવન કહે છે ત્હેને તે રણભૂમિ કહેતા. દેહ અને દેહીનાં ત્હ્યાં રણસંગ્રામ મંડાય છે.

*

દેહનાં સઘળાં સુખો પૃથ્વીમાં સભર ભર્યાં છે, ને તે સઘળાંનો તે અનુભવી હતો. માયાનો હાથ એક વખત ત્હેના મસ્તકે ઠરતો. જગત્ ત્હેને આંગળીએ પોતાનાં સઘળાં સુખો ઠાલવતું. અનેક રસભીનાં હૃદયોનાં માન મળતાં. અનેક લાલચોની માયાજાળ ત્હેની ચોમેર વીંટળાઇ પડી હતી. એને ન ગણકારતાં એ લાલચોની યે વચ્ચે તેનો આત્મા પ્રભુના નામનું રટણ કરતો.

દેહ અને દેવની ટેકરીઓ વચ્ચે આત્માની ખીણ પથરાઇને પડી છે, અને એ અંધકારભરી ખીણમાં થઈને જ પ્રભુને પમાય છે. પ્રભુદેશનો માર્ગ સંસારમાં થઇને વહે છે.

આત્માનાં બન્ધન

રટણનાં પૂરે એક વાર ત્હેના આત્માને વ્હલોવ્યો ને ત્હેણે પ્રભુને માર્ગે જીવનની મુસાફરી આદરી.

*

જગતને એ આકરૂ પડયું. એક વખતનો જગત્-રાજવી આજ જગતને તરછોડતો હતો. એના એ ભેખને ત્યજાવવા જગતે પોતાની સર્વ શક્તિ અજમાવી.

પણ જગતના એ સર્વ શ્રમ અફળ ગયા. શિયાળાની કડકડતી ઠંડીમાં તે ઉઘાડે દેહે ફર્યો, અને જગતની જરૂરીઆતોને ત્હેણે દૂર ફેંકી.

જે લક્ષ્મીની ત્હેને હર પળે જરૂર લાગતી તે ત્હેને ભારરૂપ ભાસી. જે સત્તાના મદમાં ત્હેનું માથું ઉંચું રહેતું તે જ સત્તાના ભારથી ત્હેનું માથું નમવા લાગ્યું. પ્રભુને પંથે ત્હેને તે બોજો અસહ્ય હતો, ને ત્હેણે તે ફેંકી દીધો.

*

સૃષ્ટિનું સૌન્દર્ય પછી ત્હેની સ્હામે આવ્યું, ને કહ્યું, “ પ્રિય ! ”

ને ત્હેણે કહ્યું, “ બ્હેન. ”

સ્ત્રીએ કહ્યું, “ સારૂ યે જગત જેને શરણે છે તે સૌન્દર્ય—સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ જેની એક નજરથી

ફના થઇ જાય છે તે સૌન્દર્ય આજ ત્હારી સ્હામે છે. તું......તું........ત્હમે........આપ એ સૌન્દર્યને— ત્હેના પ્રેમને તરછોડશો ? ”

ત્હેના નયનમાં અનેરૂ તેજ પ્રગટયું. આજ ત્હેની પરીક્ષા હતી; ને પરીક્ષામાં બેસવા તે તૈયાર હતો. તે બોલી ઉઠયો, “ શું કહ્યું ? માતા ! સ્વર્ગ સુંદર હશે. પણ સ્વર્ગમાં ઇન્દ્રના મહેલો છે, પ્રભુના મહેલો બ્રહ્મલોકમાં છે. સંતન્ના ઉરમાં—આત્માના આવાસમાં પ્રભુ રાચે છે. માતા ! ‘ પ્રેમ ’ ‘ પ્રેમ ’ કરીને પ્રેમને કે સૌન્દર્યને અભડાવશો મા. સૌન્દર્યને સ્નેહની સાંકળ વડે પ્રભુ જોડે ગૂંથી દયો; જીવનસંગ્રામ જીતશો. ”

સ્રીને જીતવાને બ્હેન અને માતા એ બે શબ્દો બસ છે. જીતવા આવેલી તે જીતાઇ ગઇ. જય પામતાં પહેલાં હારવું જ જોઈએ. તે હારી, ને ત્હેની ખાત્રી થઇ કે તે જરૂર જીવનસંગ્રામ જીતશે.

અને આવી રીતે દેહના સઘળા બંધનોને તે પુરુષે નમાવ્યા, ને નમાવીને પ્રભુને ચરણે ધર્યાં.

એમ જગતના હાથ હેઠા પડયા.

આત્માની ખીણમાં તે વિહરતો હતો ત્હારે

આમ આઠા અંધકારના આગળીઆ દેવાયા હતા. આત્મા ત્યહારે અંધકારમાં આથડતો.

ત્યહાં તો આભને આરે સોનાની ખાણ પ્રગટી ને સંહીથી સુવર્ણકળશ શા સૂર્યદેવ પ્રગટયા. આત્મ-સૂર્યના એ ઉજાસમાં ત્હેને કશાયની જરૂર ન રહી. ને સત્યને માર્ગે સર્વની સેવા કરતાં ત્હેણે આગળ ધપવા માંડયું.

સેવાભાવી સર્વ આત્મા ત્હેને આવકાર આપતા ને ત્હેનામાં લીન થતા.

અને એમ એ સર્વ આત્માનો પરમાત્મા જેવો થયો.

આવી રીતે જગતબંધનો તોડીને આત્માને ત્હેણે પ્રભુબંધને બાંધ્યો, ને અમર થયો.

જગતને ત્હેની પડી છે કંઈ ?

અમરપન્થનો યાત્રાળુ

એ અમરપન્થનો તે યાત્રાળુ હતો કે જ્યહાં જવા સહુનાં ઉર ઉલ્લાસે ઉછળે છે. તે એ પન્થનો અજાણ્યો હતો ને તેથી ઘણી વેળા માર્ગ ભૂલતો. જીવનની એકએક ઠોકર ખાઈને તે સીધે ચીલે ચ્હડતો, ને વળી વળીને પન્થ ભૂલતો. એમ કંઇ કંઇ સુખ–દુઃખના પડછાયા વીંધીને તે એ રસ્તે આગળ વધતો. એવી જ છે વિશ્વની પરિક્રમણા !

ને પન્થભૂલ્યો એ એકવાર પૃથ્વીલોક ઉપર આવી પહોંચ્યો. આભવીંધતા પર્વતો ઉપર અને ગિરિકન્દરાઓમાં તપ તપતા યોગીઓને ને અવધૂતોને ત્હેણે પેખ્યા. લીલીછમ કુંજોની અટવાએલી જાળીઓમાંથી સરકી જતી કલકલનિનાદે નિર્મળ જળ વહેતી નદ–મહાનદનાં ધીરગંભીર વ્હેણમાં સરકતું સૃષ્ટિસૌન્દર્ય એણે નીરખ્યું. રાત્રિદિવસનાં અંધારાંઅજવાળાં જોયાં. જનહૃદયના અણઉકલ્યા પ્રારબ્ધલેખ વાંચ્યા. મૃત્યુનો કારમો કાજળકાળો હાથ પ્રીછ્યો.

યમરાજ તો ત્ય્હાં નામના જ રાજા હતા, ને રાજા તરીકે જ ત્હેમની બ્હીક હતી. ત્ય્હાં ખરૂં રાજ્ય તો માયાદેવી ચલાવતાં.

તે માયાદેવી પાસે ગયો અને કહ્યું, " ઓ દેવી ! ઓ ભગવતી ! જગતને ઉદ્ધારો, છૂટાડો મા. બંધન છોડો ને પ્રભુપંથ દાખવો. "

ત્ય્હારે એ મદઘેલી મહારાજ્ઞીએ કહ્યું, " ઓ પ્રભુ-ઘેલા પિપાસુ ! જગતને તો નિશ્ચેતનમાંથી ચેતન શોધવું છે; અણુમાંથી બ્રહ્માંડ રચવાં છે; પાપમાંથી પરમેશ્વર પ્રગટાવવા છે. મ્હેં બંધને બાંધ્યું છે ત્ય્હારે જ આટલું યે સખણું છે. બંધન છોડું તો કયે માર્ગે એ જાય ? ઓ પ્યાસી આત્મા ? "

અને ત્હેણે કહ્યું, " વિનાશને પંથે. મ્હારે તો સચ્ચિદાનંદને તીર્થે જવું છે. સ્વર્ગનો માર્ગ અહીં થઇને જ છે ને ? માયાદેવી ! "

માયાદેવીએ કહ્યું, " અહીં થઈને જ સહુ સ્વર્ગમાં જાય છે, ને પુણ્યની અવધિ વીત્યે પાછાં વળે છે. "

યાત્રાળુએ મનમાં જ કહ્યું, " ત્ય્હારે હજી હું માર્ગ નથી ભૂલ્યો. "

ને પૃથ્વીલોક તજી તે સ્વર્ગલોકમાં ગયો.

અનેક પુણ્યશીના આત્માઓ ત્ય્હાં આનંદે

રાચતા. દિવસ ને રાત્રિ ત્‍હાંથી અદૃશ્ય થયાં હતાં. કલ્પવૃક્ષ ને ચિન્તામણિનું ત્‍હાં સંયુક્ત રાજ્ય જોયું.

નિજનિજને ભાવતો આનંદ ત્‍હાં સહુ લૂંટતા. પુણ્યની અવધિ ક્‍ય્હારે ખૂટશે તે કોઇ જાણતું નહિ; ને અવધિ વીત્યે પાછા પૃથ્વીલોક ઉપર ઉતરતા. કોકજ આગળ જતું.

તે સ્વર્ગના રાજવી કને ગયો, ને કહ્યું, “ઓ દેવાધિદેવ ! સ્વર્ગને ઉદ્ધારો, ડબાડો મા. સૂવર્ણમઢ્યાં કારાગૃહનાં દ્વાર ખોલો ને પ્રભુનો પંથ દાખવો.”

ત્‍હારે ત્‍હેમણે કહ્યું, “ઓ પરમના પ્રાર્થી ! સ્વર્ગના આત્માઓ તો સુખદ્વારા પરમાત્માને પરખે છે. આટલાં યે ન આંજ્યાં હોય એ જાદુ, તો તો મૃત્યુલોકમાં જ ખોજતા હોત એ આત્માઓ પરમાત્માને.”

ને ત્‍હેણે કહ્યું, “વિનાશમાર્ગથી વેગળા રહ્યા છે એ આત્માઓ, પણ અંધકારમાં શોધે છે પ્રકાશને. સર્વ આત્માઓ જ્‍ય્હારે પ્રભુનામની સામટી ચીનગારીઓ ચાંપશે, ત્‍હારે પ્રગટશે એ પ્રકાશ; ને દૂર કરશે અંધકારને. બ્રહ્મલોકનો માર્ગ અહીં થઇનેજ છે ને ?”

ત્‍હેમણે કહ્યું, “હા, ઓ આતમના અભ્યાસી ! બ્રહ્મલોકમાં અહીં થઇને જ જવાય છે.”

ત્‍હેણે મનમાં જ કહ્યું, “પ્રભુની પ્યાસનો યે કેટલો પ્રભાવ ! અજાણ્યો ત્‍હો ય ધપું છું મ્‍હારા માર્ગમાં, ને બચું છું કંઇ કંઇ મહાદુઃખોની પરંપરાઓમાંથી.”

ને સ્વર્ગ તજી તે બ્રહ્મલોકમાં ગયો.

સર્વ આત્માઓ ત્‍હાં બ્રહ્મભીના હતા. ભૂત, વર્તમાન ને ભવિષ્યના તે જાણણુહાર હતા. સ્થળ ને કાળના પારંગત હતા. સતના તેઓ સતયુગિયા હતા. બ્રહ્મ ને બ્રહ્માંડના તેઓ સર્વસંચારી હતા. બ્રહ્માજીનું ત્યાં રાજ્ય ચાલતું.

પણ મહાશક્તિવંતા તેઓ પોતાની મહાશક્તિઓનો પરમ સદુપયોગ ન્‍હોતા કરતા. અધિકાર વિના તેઓ મહાશક્તિઓનું જ્ઞાન ન્‍હોતા આપતા.

તે બ્રહ્માજી કને ગયો ને કહ્યું, “ ઓ જ્ઞાનેશ્વર ! બ્રહ્મલોકને ઉદ્ધારો, ડૂબાડો મા. પાત્રાપાત્રનો ભેદ ભૂલવો, ને પ્રભુપંથ દાખવો.”

ત્‍હારે બ્રહ્માજીએ કહ્યું, “ ઓ પરમાત્મનના પરિવ્રાજક ! એમને તો બ્રહ્મમાંથી પરબ્રહ્મ મેળવવા છે. આટલું યે બ્રહ્મજ્ઞાન આવ્યું છે ત્‍હારે શાંત રહ્યા છે.”

ત્‍હેણે કહ્યું, “ એકલા જ્ઞાનાનંદનો એમનો માર્ગ છે. સચ્ચિદાનંદ તો એથી યે પર છે. સત્યલોકમાં અહીં થઈને જ જવાય છે ને ? ”

બ્રહ્માજીએ કહ્યુ, “ સત્યલોકનું આ મુખદ્વાર છે, ને અહીંથી જ જાય છે સહુ સત્યલોકમાં.”

ને ત્‍હેણે કહ્યું, “ અનહદ કૃપા, ઓ પરમ વિભૂતિ ! ”

ને બ્રહ્મલોક તજી તે સત્યલોકમાં આવ્યો.

ત્‌હા સર્વ પુણ્યાત્માઓનો વાસ હતો. સુખ, સત્ય, પુણ્ય ને જ્ઞાન ત્‌હાં સર્વત્ર પ્રકાશતાં. સૌન્દર્ય ને પ્રેમ, માયા ને મૃત્યુ ત્‌હાં વિરાજતાં. ત્‌હાં કોઇનું રાજ્ય ન્હોતું—કોઇ પુણ્યાત્મા પરતંત્ર ન્હોતો.

ત્‌હેણે ત્‌હાં જોયું કે પુણ્યાત્માઓ પ્રેમને ને સૌન્દર્યને, માયાને ને મૃત્યુને આજ્ઞા આપતા; ને એ આજ્ઞા આપવે અહંકારનો કંઈક આવિર્ભાવ થતો.

ત્‌હેણે સાર સાર્‌વ્યો કે એ પુણ્યાત્માઓ આત્માનો આનંદ માણુતા, પણ તે યત્કિંચિતે અધૂરો હતો. સચ્ચિદાનંદ એથી કંઇક પર હતો.

પછી ત્‌હેણે એક આત્માને પૂછ્યું, " ઓ દિવ્યાત્મા! પ્રભુના પ્રદેશમાં આ પન્થે થઇને જ જવાય છે ને? "

ત્‌હારે તે આત્માએ કહ્યું, " હા. કેટલાક ત્‌હાં જાય છે, ને જાય છે તે ત્‌હાંથી પાછા ફરતા જ નથી. "

તે મનમાં જ બોલ્યો, " ઓ વિભુ! આઘે ત્‌હો યે આતમના પ્રણામ સ્વીકારજે. "

ને ત્‌હાંથી તે પ્રભુના પ્રદેશમાં ગયો.

એ જ ત્‌હેનું તીર્થ—એ જ ત્‌હેનો વિશ્રામઘાટ સચ્ચિદાનંદ. એને જ માટે આ અમરપન્થની યાત્રા આદરી હતી.

અમરપન્થનો યાત્રાળુ

સકળ અવકાશમાં તેજતેજના અંબારભર્યો એ પ્રદેશ દિશાઓના છેડા સૂધી પાથર્યો પડયો હતો.

પરાત્પરને તે પ્રણમ્યો ને કહ્યું, "ઓ પરમાત્મન્! આજ મ્હારા પાપનો પ્રલય થયો. આજે મ્હને સચ્ચિદાનંદ સાંપડયો. કોટી કોટી મ્હારા પ્રણામ છે."

ને ઉંચું જોયું ત્ય્હારે તે પરાત્પરની ગોદમાં હતો. સર્વ ભંડાર એને ચરણે ઢળતા. યાત્રીની યાત્રાએ એમ પરાત્પરને જીત્યા.

ફરી એક વેળા પ્રણામ કરી એ અમરપન્થનો યાત્રાળુ પરાત્પરમાં લીનવિલીન થઇ ગયો.

❧

જગતના ઓ આત્માઓ ! એ અમરપન્થે પળજો ને પરાત્પરને માણજો.

સુજન

સૃજનજૂના કેટકેટલા પ્રશ્નોના ભાર ભારવી બેઠા છે ?

અવકાશની અંધકારગુફાઓને અજવાળતું તેજ-ઝરણું કો અગમ્ય ખૂણેથી અવતર્યું, ને પળવારમાં તો સારી યે અનંતતા ઓજસ્‌થી છલકાઇ રહી.

ને પાછળથી એ તેજના સરજનહાર ઓજસ્‌ની ઉર્મિઓ ઉછાળતા પધાર્યા.

એમનાં નયનોમાંથી તેજનાં કિરણો ઝર્યાં, ને કિરણકિરણમાંથી એકએક બ્રહ્માંડમાળા ગૂંથાઈ. એ કિરણના બિંદુબિંદુમાંથી ગ્રહો ને મહાગ્રહો બન્યા.

એ જોઈને ઝબુકદીવડા શી એક આછી સ્મિતલહરી અંતરનો સ્નેહ ઉભરાવતી એમને મુખડે ફરકી રહી, ને નયનોને અંદરને બે ખૂણેથી હર્ષભર્યાં સ્નેહનાં બે

શીતળ ને મધુમધુરાં અશ્રુબિંદુઓ મીઠાં જળનાં સરવરિયાં થઇ પડયાં.

ને એ હાસ્યના ઉચ્છવાસમાંથી પરમ સુગંધિત વાયુ વહ્યો. પુષ્પોએ ત્હેમાંથી સારી યે સુગંધી સારવી લીધી. આજે યે એ એમને એમ સુગંધીહીન અવકાશને સુગંધીથી ભરતો વહ્યાં જ કરે છે.

ને એ તેજમૂર્તિની લીલા નિહાળી પછી તો શ્રી હરિને યે રસખેલનાની ભાવના જાગી.

પંચ મહાભૂતોને એકઠાં કરીને એમણે એક એક દેહ રચ્યો, ને મંહી પોતાનો અંશ મૂક્યો. મનુષ્યોને ને પ્રાણીઓને એમ એમણે અપનાવ્યાં.

ને પછી એ બધાંને કસોટીને પત્થરે લાવીને મૂક્યાં—માયા ને મૃત્યુનાં બંધને બાંધ્યાં.

ને ત્યહાંથી તે સ્નેહ વધાવતા આગળ વધ્યા.

કેટલા યે કાળે, પછી, ત્હેમણે આ પૃથ્વીને સ્મરણે આણી, ને દિવ્ય ચક્ષુથી દર્શન કર્યાં.

ત્યહારે માયાએ ને મૃત્યુએ જગત ઉપર સંપૂર્ણ સામ્રાજ્ય સ્થાપ્યું હતું—એ વીંટેલા બંધનમાં જગત વધારે લપેટાયું હતું.

ને ત્હારે ત્હેમની આંખોના છેડાને બે ખૂણેથી ભક્તિભાવભર્યાં શોકનાં બે અશ્રુબિંદુ સરી પડયાં. જગત ઉપર તે પડયાં કે ન પડયાં એ કોઈએ દીઠું નહિ; પણ ત્હારથી ખારાં પાણી આપણા જગતવીંટતાં ઘૂઘવે છે.

❧

જગત એ કસોટીમાં જીત્યું કે હાર્યું ? સન્તો ! કહોઃ સૃજન સિદ્ધ થયું કે નહિ ?

ને ત્હો યે કો વિરલ દેહી એ સ્નેહને માર્ગે—એ પરમને માર્ગે પરાત્પરને ખોજતો પળે છે, ને એ માર્ગે જ પરમાનંદ માણે છે.

અણઆથમી આશા

હિશાવનમાં વિરાટ રમણે ચ્હડયો હતો.

પૃથ્વીએ આજ નવવસંતના વાસંતી વાઘા સજ્યા હતા; સાગર મધુરપની છોળો ઉછાળતો ઘેરે રવે ગોરંભતો હતો; આકાશમાં ઉષાની આછી પગલીઓ ઉગીને પ્રફુલ્લતી હતી.

વિરાટ રમણે ચ્હડયો હતો.

રસદેવનો આજ રાસોત્સવ હતો. પુરની પટરાણીઓ આજ રાસે ઘૂમતી હતી; નગરના મહાજનો આજ ડાંડીઆ ઝીલતા હતા. રસદેવનો રાસોત્સવ ઉજવતું નગરનું ચૈતન્ય આજ રસપૂરમાં હિંડોળા ખાતું હતું. સાહેલીઓ સંગે તે યે રસદેવનાં દર્શને રસમંદિરે જવા નીસરી હતીઃ જાણે નશ્વર દેહે ધરેલો અમર આત્મા ચાલ્યો !

અસ્થિર આશાનો અનિશ્ચિત અનિલ ત્હેને આકાશમાં અદ્ધર ઉડાવતો, ત્ય્હારે નિરાશાની શિલાઓ

ત્હેને પાછી પૃથ્વી પર લાવી મૂકતી. આશાનિરાશાને અમર ઝૂલે જીવન ઝૂલાવતી તે ઉડતી–ઉતરતી હતી.

હૈયું નાચતું ને પાય થનગનતા; સારા યે દેહમાં આજ રસની મસ્તીનાં તોફાન જાગ્યાં હતાં.

ને વિરાટે રમણે ચ્હડયો હતો.

સ્નેહની સરિતે તરતી, આયુષ્યને ઓવારે ચ્હડી તે રસમંદિરને પૂનિત આંગણે પધારી, ને દેવનાં દર્શને મંદિરમાં ગઈ.

તરત જ મંદિરના ઘુમ્મટમાંથી કો તેજછાયા અવતરી ને એ દેવમૂર્તિને આવરી લેતી ચોમેર ઢળી રહી. હૈયાના ધૂપની કો વછૂટેલ વાદળી વેરાઈ હોય એમ એ એકલછાયા એ રસમૂર્તિને આચ્છાદી રહી. ઘેરાયેલી તે પાલવને છેડલે નેણ લુછે કે પોપચાં પલાળે, ત્હો ય જાણે મૂર્તિ સાથે જ ઘડાઈ હોય એવી એ તેજછાયા તો ત્વચા જેવી ઘેરી પડી હતીઃ સ્થિર, સદેહી, ને શાશ્વત.

પ્રાર્થના કરીને તે નમન નમી. હૈયામાં પ્રશ્નો રમતા કે, “ આંખની ઝાંખપ હશે ? કે ધુમ્મસની વાદળી હશે ? હમણાં ખસી જશે ને દેવની મૂર્તિનાં નિર્મળાં દર્શન થશે. ”

ને ખરે જ ! વંદન વંદીને તે ઉભી થઈ ત્યહાં તો

એ તેજછાયા ખસી ગઇ. ત્હેનાં આતૂર નયનો એ જતી છાયાનો માર્ગ નિહાળી રહ્યાં.

ક્ષણેક પછી ત્હેનાં નયનો રસદેવની મૂર્તિ પ્રતિ ઢળ્યાં. પણ છાયા વિનાની મૂર્તિ તો પાષાણની પ્રતિમા સરિખડી જડ નીરસ ને નિશ્ચેતન ભાસી.

પછી ત્હેને એ છાયાની ઘેલછા લાગી. તે સ્હમજી કે માયા એટલે શું? અદ્રશ્યનાં એને આમંત્રણ આવ્યાં. જીવનમાં પહેલી જ વાર ત્હેને અણદીઠનાં આકર્ષણ વ્હડયાં, ને છાયાની પાછળ તે યે બહાર દોડી. પળમાં તો એ વનની કુંજોમાં અદ્રશ્ય થઇ ગઈ.

સાહેલીઓ તો સહુ નિરખી રહી. કો હસી, કો પાછળ દોડી. પણ જતા આત્માને કોઇએ ઝાલ્યો છે? નમેલે નયણે ને અવનત શિરે ત્હેમણે પુર ભણી પગલાં માંડયાં. આત્મા વિનાના દેહની માફક સહુના યે વદન ઉપર મૃત્યુની શિહાઇ ઢોળાઈ હતી.

ને તે તો પેલી છાયાની પાછળ ઉડતી–દોડતી હતી. 'હમણાં ઝાલશે,' 'આ ઝાલું છું' કહેતી, ને વળી અંતર પડતું. એમ કરતાં કરતાં ધરતીનો છેડો આવ્યો. સ્હામે જ સાગર ગર્જતો હતો.

ત્હેણે છેલ્લી હામ ભીડી. હૈયાની આશ સમી એ તેજછાયાને પકડવા ત્હેણે આયુષ્યને આરેથી કાળના

મહાસાગરમાં ઝંપલાવ્યું. ત્હેને મનમાં હતું કે એ મહાસાગર તરીને ફરી તે જીવનની કુંજોમાં વિહરશે.

પણ પૃથ્વીને પાટલેથી ઉડી એ માયાવી છાયા તો અનંત આકાશમાં ભળી ગઈ, ને નીશાનચૂકી સિહણ જેવી તે તો કાળના મહાસાગરમાં પછડાતી પડી. મૃત્યુનાં ગેબી મોજાં ઉપર ફરી વળ્યાં. ઘોર નિરાશાની અનેક વાદળીઓ મંહીથી પ્રગટી ઉઠી ને અનંત આભ ભરીને ઉડી રહી.

માથે એક તારકમાળ તગતગતી. જગત એ જોતું હતું.

કાળના મુખ સમી ઘોર નીરાશામાં યે અણઆથમી આશાનાં દર્શન કરતું જગત ત્ય્હારે રમણે ચ્હડયું હતું. દૂરદૂર રાસ ઝીલતી–ઝીલાવતી સાહેલીઓનો ગીત–ટહુકો ગર્જતો હતો, ને સાગરમાંથી ત્હેના પડછન્દ ઉઠતા:

આભલાં અન્ધારાં ઢોળે, સાહેલડી !
ઉરમાં અખંડ એક જ્યોતિ જલે;
તારકોની તેજમાળ ડોલે, સાહેલડી !
આશાની રેખ એક આછી ઉગે.